તમારા સંતાનને જો કોઇ સંસ્કારની ભેટ આપવી હોય તો તેને પ્રેરણા-પ્રોત્સાહન અને પ્રેમ આપો
- એસ. ભટ્ટાચાર્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૬૭ | ૧૮ મે, ૨૦૧૩, શનિવાર; વૈશાખ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પદે આશિષ દવે





(તસવીર : દિપક જાની)

## ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન પદે પ્રથમ વખત ભાજપના ઉમેદવાર આશિષ દવે સાત વિરૂદ્ધ પાંચ મતે વિજયી બન્યા હતા : મનપામાં પ્રથમ વખત ભાજપ સત્તાના સૂત્રો સંભાળી રહ્યું છે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગરપાલિકામાં પક્ષાંતર કરી આવેલા સભ્યોના ખભે બેસી આજે ભાજપે વિધિવત્ રીતે સ્ટેન્ડીંગ કમિટીનો કાર્યભાર સંભાળી લીધો છે.

આજે બપોરે ૧૨.૩૦ વાગે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં ચેરમેન તરીકે વોર્ડ નં. ૧૧માંથી વિજય થયેલા યુવા અગ્રણી શ્રી આશિષ દવેની સાત વિરૂદ્ધ પાંચ મતે પસંદગી કરવામાં આવી હતી.

ગઈકાલ રાતથી જ બન્ને પક્ષો દ્વારા આ સમિતિના ચેરમેન પદ માટે ઉમેદવારોને મેદાનમાં ઉતારવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આજે ચૂંટાયેલા સભ્યોની આ અંગે બેઠક મળી હતી અને તેમાં ચૂંટણી પ્રક્રિયા થઈ હતી.

સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલ નિવૃત્ત થયા હોવાથી સ્ટેન્ડીંગ કમિટીની બેઠકનું કાર્યકારી અધ્યક્ષપદ સહકારી અગ્રણી અને કાઉન્સીલર શ્રી મનુભાઈ પટેલને સોંપવામાં આવ્યું હતું. કાર્યકારી અધ્યક્ષપદ માટે કોંગ્રેસે નામદેવ વરસાતનું નામ સૂચવ્યું હતું પરંતુ બહુમતિથી ૭ વિરૂદ્ધ પાંચ મતે તે ફગાવી દેવામાં આવ્યું હતું.

મનુભાઈ પટેલે સૌ પ્રથમ નવા ચેરમેનની નિયુક્તી માટેની પ્રક્રિયા

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસના ભ્રામક વિકાસની વાતો અંગે સમીક્ષા કરવામાં આવશે : દવે

### કોંગ્રેસ વિપક્ષમાં છે : અમે સૌનો સાથ સૌના વિકાસની ભાવના સાથે આગળ વધીશુ

ગાંધીનગર, તા. ૧૭

વિકાસની વાતો અંગે કોંગ્રેસે કરેલા ભ્રામક ઠરાવોની નવી રચાયેલ સ્ટેન્ડીંગ કમિટી સમીક્ષા કરશે એવો સંકેત આપતાં સ્થાયી સમિતિના નવનિયુક્ત ચેરમેન શ્રી આશિષ દવેએ જણાવ્યું હતુ કે વિકાસમાં અમે સૌની ભાગીદારી સાથે સૌને સાથે લઈ આગળ વધીશુ.

તેમણે જણાવ્યું હતું કે સૌનો સાથ સૌનો વિકાસ એ અમારી અગ્રતા રહેશે. અમે ભ્રામક નહિ પણ વાસ્તવિક વિકાસ કરી વિશ્વાસને સાર્થક કરીશું.

શ્રી દવેએ જણાવ્યું હતું કે સોલારસીટી પાટનગરમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની કલ્પનાનું આ નગર બની રહે તે માટે ગાંધીનગર ભાજપનો કાર્યકર ખભેખભા મિલાવી કામ કરશે. અમારી સામે પડકારો છે પણ અમે પડકારોને વિશ્વાસમાં રૂપાંતરિત કરી વિકાસના માર્ગને વધુ મજબુત બનાવીશુ.

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપના નેતાઓ સભ્યોને મેન્ડેટ આપવાનું ભૂલી ગયા...

ગાંધીનગર, તા. ૧૭

આજે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનની નિયુક્તી માટે ભાજપ દ્વારા તેના સભ્યોને મેન્ડેટ આપવાની કામગીરી છેલ્લી ઘડીએ પડતી મુકવી પડી હતી.

પ્રદેશમાંથી કવર લઈ આવી રહેલા સ્થાનિક નેતાઓ બેઠક શરૂ થવાની થોડી મિનિટો અર્થાત્ ૨ થી ૩ મિનિટ પહેલાં જ પહોંચતા આ મેન્ડેટ બજાવી શકાયા ન હતા. આ બંધ કવરમાં કોનુ નામ છે અને કોની દરખાસ્ત કરવી તે માટે સતત સસ્પેન્શ રહેવા પામ્યું હતું.

છેલ્લી મિનિટ સુધી સ્થાનિક નેતાઓ અને કાઉન્સિલરો વચ્ચે ફોન રણકતા રહ્યા હતા. એક તબક્કે તો મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ બધા સભ્યોની સહિઓ પણ દરખાસ્ત અંગેના પત્રો પર લઈ લીધી હતી.

બરાબર ૧૨.૨૮ મિનિટે સ્થાનિક સંગઠનના આગેવાનો શ્રી દાસ અને શ્રી અતુલભાઈ કવર લઈ મેયરની ચેમ્બરમાં પ્રવેશ્યા ત્યારે સૌએ તાત્કાલિક કવર ખોલવા જણાવ્યું હતું. જેમાં શ્રી આશિષ દવેના નામની જાહેરાત થઈ હતી. આ નામ જાહેર થયા બાદ ભાજપના સભ્યો ૧૨.૩૯ મિનિટે સભાખંડમાં પ્રવેશ્યા હતા.

જો કે બીજી તરફ કોંગ્રેસ પક્ષે સંપૂર્ણ તૈયારીઓ ૧૨.૨૦ સુધીમાં આટોવી લીધી હતી અને સભ્યોને મેન્ડેટ પણ આપી દીધા હતા.

ભાજપમાં ચેરમેનપદને લઈ તીવ્ર ખેંચતાણ ચાલી હોવાનું અંતરંગ સૂત્રોએ જણાવ્યું છે.

ફળોના રાજા કેરી માટે મળો
રહીમચાચા
આજરોજ અમારા કાઉન્ટરને ૨૩ વર્ષ પુરા થાય છે.
સદા સહકારની અપેક્ષા સહ આભાર....
શનિ/રવિ માટે ખાસ પાકી કેરી રત્નાગીરી, હાફુસ તથા જુનાગઢની કેસર કેરી સર્વોત્તમ ક્વોલિટી વ્યાજબી ભાવે મળશે.
ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, નવદીપ કિરાણા સ્ટોરની પાછળ, રૂપકલા જ્વેલર્સની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર
દર સોમવારે દુકાન રાબેતા મુજબ ચાલુ રહેશે

# ગાંધીનગરજિલ્લામાં ઈ-પેમેન્ટની નવી પ્રથા

## ગાંધીનગર - સાબરકાંઠા જિલ્લાની ઈ-પેમેન્ટ પ્રથા અમલી બનાવવા પાયલોટ જિલ્લા પ્રોજેક્ટ તરીકે પસંદગી : રાજ્ય સરકારે પ્રથમ તબક્કામાં પેન્શનર્સ અને નાણાં વિભાગ હસ્તકની જિલ્લા કચેરીઓ આવરી લેવાશે : ત્રણ મહિનામાં સરકારની તમામ જિલ્લા સ્તરની કચેરીઓમાં લાગુ કરાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં ઈ.પેમેન્ટની નવી પ્રથા દાખલ કરી સરકાર તેની નાણાંકીય પારદર્શિતાને વધુ અસરકારક બનાવશે. આ ઈ.પેમેન્ટ પ્રથા માટે હાલ તો રાજ્ય સરકારે પ્રથમ તબક્કામાં પેન્શનર્સ અને નાણાં વિભાગ હસ્તકની જિલ્લા કચેરીઓને આવરી લેવાનો નિર્ણય કર્યો છે. પરંતુ તબક્કાવાર ત્રણ માસમાં તે સરકારની તમામ જિલ્લાસ્તરની કચેરીઓને લાગુ કરાશે.

ગાંધીનગર-સાબરકાંઠા જિલ્લાની ઈ.પેમેન્ટ પ્રથા અમલી બનાવવા માટે પાયલોટ જિલ્લા પ્રોજેક્ટ તરીકે પસંદગી કરવામાં આવી છે. આ માટે જિલ્લાની અન્ય કચેરીઓ પાસેથી પગાર ખર્ચ અંગેની તેમજ કર્મચારીઓના બેંક એકાઉન્ટની વિગતો એકત્ર કરી તબક્કાવાર આ જિલ્લામાં ત્રણ માસમાં આ પ્રથા સંપૂર્ણ અમલી બનશે અને તેના તારણો બાદ સમગ્ર રાજ્યમાં તે અમલી બનાવવામાં આવશે.

ભારત સરકાર અને રિઝર્વ બેંકના સૂચનનો સ્વીકાર કરી રાજ્ય સરકારે હવે તેના ચૂકવણા માટે ઈ.પેમેન્ટ સિસ્ટમ દાખલ કરવાનો નિર્ણય કર્યો છે. આ ઈ.પેમેન્ટ પ્રોજેક્ટ અમલી બનાવતાં પહેલાં ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં તેનો પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમલ કરવામાં આવશે.

નાણાં વિભાગે આ પાયલોટ પ્રોજેક્ટના અમલીકરણ માટે જિલ્લાના તમામ વિડ્રોલ અધિકારીઓને ડિઝીટલ સિગ્નેચર આપવાની દિશામાં કાર્યવાહી હાથ ધરી છે. છઠ્ઠા પગારપંચના અમલને લઈ હવે ડિસેમ્બર અને જૂનમાં જ ઈન્ક્રીમેન્ટ છોડવાનું થતું હોવાથી પગાર બિલ પણ ઈ.બિલ બનશે. આ ઈ.પેમેન્ટને કારણે સરકારને સમયની સાથે સાથે સ્ટેશનરીની પણ બચત થશે જ્યારે પેન્શનર્સ કે કર્મચારીને જે દિવસે જ પગાર સીધે સીધો તેના ખાતામાં જમા થઈ જશે.

સરકારે કર્મચારીઓના પગાર ભથ્થા ઉપરાંત ટી.એ. બિલ, જી.પી.એફ. ઉપાડ, મેડિકલ બિલ જેવા વિષયોને પણ આ સેવાઓ અંતર્ગત આવરી લેવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. આ ઈ.પેમેન્ટ પ્રથા આ પછી ખાનગી પેઢીઓ પાસેથી ખરીદી બાદ કરવાની થતી ચૂકવણીમાં પણ લાગુ કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લાના અધિકારીઓને હાલ ડિજીટલ સિગ્નેચર આપવા ઉપરાંત તે અંગેની જરૂરી તાલિમ માટેની કામગીરી ચાલી

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરમાં ૧૮,૫૦૦ પેન્શનર્સ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં હાલ ૧૮,૫૦૦ પેન્શનર્સ નોંધાયેલા છે જેમના પેન્શનની ચુકવણી તિજોરી કચેરી ગાંધીનગર દ્વારા જુદી જુદી બેંકોમાં કરવામાં આવી રહી છે.

રાજ્યમાં સૌથી વધુ પેન્શનર્સ અમદાવાદ આ પછી વડોદરા અને રાજકોટનો ક્રમ આવે છે જ્યારે ગાંધીનગરનો ક્રમ ચોથો આવે છે. નિવૃત્ત કર્મચારીઓની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૧૩માં આ સંખ્યામાં નોંધપાત્ર વધારો થશે અને તે સંખ્યા લગભગ ૨૨ હજારને પણ વટાવી જશે. ગાંધીનગર શહેરમાં પેન્શનરોની સંખ્યા વધી રહી છે.

ફ્રી કોચીંગ ફ્રી સેમિનાર IAS,IPS, GPSC

હીરામણિ સ્કૂલ / હૉસ્ટેલ (ગુજરાતી/અંગ્રેજી માધ્યમ)
www.hiramanischools.org
હીરામણિ હૉસ્ટેલ

STORY CIRCUS
PLAYGROUP NURSERY & DAY CARE
• Learning through stories and songs; puppets and play
• Special focus on fitness, motor skills, good habits and values
• Kids' friendly, beautiful ambiance
• Puppet theater, sand pit, play area, Craft corner
• Festival celebration, field trips, family days
• Regular parent teacher interaction
• experienced & wonderful teacher
ADMISSION OPEN
Plot No:818, Opp.Police Choki, Sector-08, Gandhinagar-382008, Gujarat, India.
Tele/Fax : +91 79-23235413,
Mo. : +91 9427380788 / +91 9274401711

બુકિંગ ઓપન
ફ્લેટ / દુકાનો
ગાંધીનગર સરગાસણ ચોકડી બાજુમાં ૮૦ ફીટ રોડ, એસ.જી. હાઈવે 2BHKના ફ્લેટ અને દુકાનો, સ્વીમીંગ પુલની સુવિધા
મો. : ૯૯૦૯૨ ૮૦૬૩૧
મો. : ૯૭૨૬૦ ૮૮૩૩૩

